# આજે બંને પક્ષોની સત્તાવાર યાદીની સંભાવના

## મોડી રાત સુધીમાં ભાજપની યાદીને આખરી ઓપ અપાશે જ્યારે કોંગ્રેસ એક નાની યાદી જાહેર કરશે બાકીના ઉમેદવારો શુક્રવારે જાહેર કરાશે

**મહાનગરનો મહાસંગ્રામ** - સંજય દૃષ્ટિ

મહાસંગ્રામના રંગ ધીમે ધીમે પ્રસરવા લાગ્યા છે. ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયાને ગુરૂવારે બંને પક્ષો આખરી ઓપ આપશે. ભારતીય જનતા પાર્ટીની પાર્લામેન્ટરી બોર્ડની બેઠક સાંજે ૫ વાગે યોજાશે જેમાં નિરિક્ષકો અને સ્થાનિક અગ્રણીઓની રજૂઆતો સાંભળી યાદી આખરી બનાવાશે. લગભગ મોડી રાત સુધીમાં યાદી તૈયાર થઈ જશે. પરંતુ જાણકાર વર્તુળોના જણાવ્યા મુજબ ઉમેદવારોની યાદીની સત્તાવાર જાહેરાત શુક્રવારે સવારે કરાશે.

કોંગ્રેસનું હાઈકમાન્ડ પણ ઉમેદવારોની પસંદગીને ગુરૂવારે જ આખરી ઓપ આપશે અને કોંગ્રેસ પણ ગુરૂવારે એક નાનકડી યાદી જાહેર કરે એમ મનાય છે. બાકીના ઉમેદવારોની સત્તાવાર જાહેરાત શુક્રવારે જ કરાશે.

કોંગ્રેસ અને ભાજપની સ્થાનિક નેતાગીરી કોની સામે કોણ જીતી શકે એવી વ્યૂહરચના ઘડવામાં વ્યસ્ત છે. હજુ છેલ્લી ઘડીના નામો ગોઠવવામાં શામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવાઈ રહી છે. પ્રતિ પક્ષમાંથી કોનુ નામ જાહેર થશે એવી અટકળો સાથે પોતાના પક્ષના ઉમેદવારોની ગોઠવણી કરાય છે. બંને પક્ષોમાં અસરકારક મહિલા નેતૃત્વની અછત વર્તાય છે. બંને પક્ષોમાં ૧૬ મહિલા ઉમેદવારો શોધવાની બાબત અઘરી બની રહી છે. આમ છતાં સબ સલામતની વાતો જાહેરમાં ચર્ચાય છે. ભાજપના વરિષ્ઠ અગ્રણીઓ ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા અને શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ) સતત દોડતા નજરે પડે છે. સ્થાનિક કક્ષાએ ઉમેદવારોની પસંદગીમાં તેમના અભિપ્રાયોનું વજન રહેશે એમ જણાય છે. એજ રીતે કોંગ્રેસમાં પ્રદેશ મહામંત્રી નિશિતભાઈ વ્યાસ, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, પૂર્વ પ્રમુખ મુકેશભાઈ પટેલ અને શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિકભાઈ શાહ વોર્ડવાઈઝ ઉમેદવારોની પેનલને તૈયાર કરી રહ્યા છે. જેઓ આજે પ્રદેશ મોવડીમંડળ સાથે ચર્ચા કરી સત્તાવાર મહોર મારશે.

આજકાલ ચર્ચાઓ ગરમાગરમ ચાલે છે. અફવાઓનું બજાર પણ ગરમ હોય છે. દાવાઓ પ્રતિદાવાઓ પણ જોરશોરથી ચાલે છે. સંભવિતોની ચર્ચાઓ પણ બંને છાવણીઓમાં તર્કો સાથે રજુ થાય છે. બંને પક્ષોની સ્થિતિ સ્પષ્ટ છે. ભાજપના ૧૮ સિટિંગ કોર્પોરેટરોમાંથી ત્રણ ચૂંટણી લડવાના નથી. બાકીના ૧૫ કોર્પોરેટરોમાંથી પાંચના નામ ફાઈનલ ગણાય છે કે જેમને ટિકિટ મળશે જ અને બાકીના દસ બદલાશે કે રહેશે એવા જો અને તો વચ્ચે ગુરૂવારનો દિવસ પસાર કરશે. ભાજપના નિશ્ચિત ગણાતા નામોમાં પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા (વોર્ડ નં. ૩), દેવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ) (વોર્ડ નં. ૧), શ્રીમતી જાગૃતિબેન પુરોહિત (વોર્ડ નં. ૧), ગોવિંદભાઈ પરમાર (વોર્ડ નં. ૫) અને મનુભાઈ પટેલ (વોર્ડ નં. ૮)નો સમાવેશ થાય છે.

જ્યારે કોંગ્રેસમાં પણ ૧૫ સિટિંગ કોર્પોરેટરોની સામે એક લડવાના નથી અને એક લડી શકે એમ નથી. બાકીના ૧૩માંથી ૬ નામ નિશ્ચિત હોવાનું ચર્ચાય છે. જેમાં સર્વશ્રી પ્રવિણભાઈ પટેલ (વોર્ડ નં. ૩), ચીમનભાઈ વિંઝુડા (વોર્ડ નં. ૫), શ્રીમતી મીનાબેન વાઘેલા (વોર્ડ નં. ૫), પીન્કીબેન પટેલ (વોર્ડ નં. ૫ અથવા ૬), શૈલેન્દ્રસિંહ બિહોલા (વોર્ડ નં. ૨) તથા નામદેવ વર્સાત (વોર્ડ નં. ૩)નો સમાવેશ થાય છે.

મોડી સાંજે લોક વિકાસ મંચના ૧૯ ઉમેદવારોની પ્રાથમિક યાદી પણ જાહેર કરાઈ હતી. જેમાં મંચના અગ્રણીઓ ડી. ટી. પટેલ, મનુભાઈ મહેતા જેવા અગ્રણીઓનો પણ સમાવેશ થાય છે. એકાદ દિવસ બાદ સંપૂર્ણ યાદી બહાર પડશે.

બંને પક્ષે ખેંચતાણ છે જ. ભાજપમા ૧૦ કોર્પોરેટરો પેનલમાં છે. જેમાંથી કેટલાકના નામ મોખરે છે અર્થાત નિશ્ચિતતાની નજીક છે. અને એ જ રીતે કોંગ્રેસમાં સાત કોર્પોરેટરો પેનલમાં છે અને ત્રણ થી ચાર નિશ્ચિતતાની નજીક છે. હજુ ૬૪ ઉમેદવારોમાંથી ૧૧ના નામ ઉપસીને આવ્યા છે. ગુરૂવારે વધુ નિશ્ચિત નામો બહાર આવશે એમ મનાય છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**વિરોધ પાર્ટી એ હુકમનું પત્તુ ખેલ્યું છે.. વાઈફાઈ કર્યા પછી... રોડ, પાણી, ટ્રાફીક, કચરો જેવી કોઇ સમસ્યા લોકો અનુભવશે નહીં...!! અને શાંતિથી રાજ ચાલશે...!!**

## અડાલજથી ૮૧૪ બોટલ દારૂનો જથ્થો ભરેલી મીની ટ્રક પકડાઈ

### ૩.૯૬ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ : દારૂનો જથ્થો કુડાસણથી દસક્રોઈ લઈ જવાઈ રહ્યો હતો

ગાંધીનગર, તા. ૬

અડાલજ પોલીસે આજે વહેલી સવારે ચોક્કસ બાતમીને આધારે વૉચ ગોઠવીને પોરથી અડાલજ જતા માર્ગ પરથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી લેલન્ડ ટાટા ડોસ્ટ (મીની ટ્રક) સાથે એક શખ્સની ધરપકડ કરી લીધી છે. ૮૧૪ નંગ વિદેશી દારૂના બોટલ મળી કુલ રૂ. ૩.૯૬ લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. દારૂનો જથ્થો કુડાસણથી દસક્રોઈ લઈ જવાઈ રહ્યો હોવાની વિગતો ખુલતા તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે.

અડાલજ પી.આઈ. કે.કે. પંડ્યાની સુચનાથી તેમની ટીમના પીએસઆઈ પી.એ. મારવાડા તથા સ્ટાફના મુળજીભાઈ, વનરાજસિંહ તથા ધવલસિંહ સહીતના માણસોએ આજે વહેલી સવારે બાતમીના આધારે પોર ગામથી અડાલજ તરફ



જતા માર્ગપર વૉચ ગોઠવી હતી. અશોક લેલન્ડ ટાટા ડોસ્ટ (મીની ટ્રક) નં. જીજે.૨૭.ટી.૮૨૬૨ને ઉભી રખાવી તપાસ કરતા અંદરથી રૂ. ૧.૯૬,૨૦૦ની કિંમતની વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. દારૂ તથા વાહન અને મોબાઈલ મળી કુલ રૂ. ૩,૯૬,૭૦૦ના મુદ્દામલ સાથે દસક્રોઈના વાહનચાલક ભરત ગાભા ઠાકોરની ધરપકડ કરી પુછપરછ કરવામાં આવતા કુડાસણથી દારૂ ભરીને દશક્રોઈ લઈ જવાઈ રહ્યો હોવાનું બહાર આવ્યું છે. મુખ્ય સૂત્રધારની સ્કોર્પીયો ગાડીને ફોલોઅપ કરવા તેને સુચના હતી. જો કે પોલીસને બાતમી મીની ટ્રકની હતી એટલે મીની ટ્રક પકડાઈ જવાથી સ્કોર્પીયો સાથે ચાલક ફરાર થઈ જતા મુખ્ય સૂત્રધાર સુધી પોલીસ પહોંચી શકી નથી. દારૂ કુડાસણમાં કયાં અડ્ડા પરથી લવાયો હતો તે સહિતની ઊંડી તપાસ ચાલી રહી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગરના સાંસદ એલ. કે. અડવાણીના ધર્મપત્ની કમલા અડવાણીનું આજે સાંજે દુ:ખદ અવસાન થયું છે.

● મા અન્નપૂર્ણા યોજનાના જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં પંચાયત રાજયમંત્રીશ્રી કવાડિયા નાદુરસ્ત તબિયતને લઈ હાજર રહ્યા ન હતા. સાંસદ પરેશ રાવલ અને ગુડાના ચેરમેન શ્રીઆશિષ દવે હાજર રહ્યા હતા.

● ગાંધીનગરમાં આજે યોજાયેલ ગૌરવ કૂચ યાત્રામાં યુવાનો કેસરી ટી શર્ટ તો બહેનો સફેદ અને કલરીંગ સાડીમાં જોવા મળી હતી.

● ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઈ વોટીંગ માટે ૨૩૨ જણાએ નામ આજ સુધી નોંધાવ્યા છે. ૧૪મી એપ્રિલ સુધી રજીસ્ટ્રેશનની કામગીરી ચાલશે.

● રાજયના રાહત કમિશનર શ્રી ડી.એન. પાંડેની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે તેમની જગ્યાએ અંજુ શર્માને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

● રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગે આજે સચિવાલય સંવર્ગના પાંચ અધિકારીઓશ્રી એસ.એમ. ડામોર, ડૉ. દિનેશ કાપડિયા, ઈ.પી. દેસાઈ, દિપક એરડા અને યોગેશ પટેલને સંયુકત સચિવ સંવર્ગમાં બઢતીના હુકમો કર્યા છે.

● સ્વચ્છતા મિશન અંતર્ગત આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત દસાડાના ધારાસભ્ય પૂનમભાઈ મકવાણાએ લીધી હતી. તેઓએ સિવિલના વિવિધ વોર્ડની મુલાકાત લઈ સફાઈની જીણવટભરી તપાસ કરી હતી. આ સમયે સિવિલના આર.એમ.ઓ. ડૉ. કલ્પેશ શાહ અને અન્ય સ્ટાફના માણસો હજાર રહ્યા હતા.

## ગુજરાત જમીન સુધારા વિધેયકને મંજૂરી ન આપવા રાજ્યપાલને કોંગ્રેસના ધારાસભ્યોએ રજૂઆત કરી

ગાંધીનગર, તા. ૬

રાજ્ય સરકારે વિધાનસભામાં પસાર કરેલ ગુજરાત જમીન સંપાદન સુધારા વિધેયકને મંજૂરી ન આપવા અને સરકારને પરત મોકલી આપવા અંગેની રજૂઆત આજે કોંગ્રેસના ધારાસભ્યોના પ્રતિનિધિમંડળે રાજયપાલ સમક્ષ કરીને એક આવેદનપત્ર આપ્યું હતું.

તાજેતરમાં જ મળેલ વિધાનસભાના અંદાજપત્ર સત્રમાં અંતીમ દિવસોમાં વિપક્ષ કોંગ્રેસની ગેરહાજરીમાં ભાજપ સરકાર દ્વારા ગુજરાત જમીન સંપાદન સુધારા વિધેયક પસાર કરવામાં આવ્યું હતું. આ બિલના વિરોધમાં આજે કોંગ્રેસના ધારાસભ્યોનું એક પ્રતિનિધિમંડળ રાજ્યપાલશ્રીને મળ્યુ હતુ અને એક આવેદનપત્ર આપીને આ બીલ ખેડૂત વિરોધી હોઈ તેને મંજૂરી નહી આપવા અને સરકારને પરત મોકલી આપવા અંગે રજુઆત કરવામાં આવી હતી.

## પાટીદારોના મુદ્દે સાંસદ રાદડીયા એક બે દિવસમાં મુખ્યમંત્રીને મળશે

ભાજપના સાંસદ વિઠ્ઠલ રાદડીયા આગામી ટુંક સમયમાં પાસના આગેવાનોને સાથે રાખી રાજ્યના મુખ્યમંત્રીને મળીને રજુઆત કરનાર છે.

ભાજપના સાંસદ વિઠ્ઠલ રાદડીયાએ આજે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને મળ્યા હતા. જોકે આજે તેઓ એક સ્કૂલના ઉદ્દ્ઘાટન કાર્યક્રમ માટે આમંત્રણ આપવા મુખ્યમંત્રીને મળ્યા હતા. મુખ્યમંત્રી સાથેની મુલાકાત બાદ પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે એક બે દિવસમાં તેઓ પાટીદારોના મુદ્દે મુખ્યમંત્રીને મળવાના છે.

## ગણિત વિજ્ઞાનના વિષયમાં વિદ્યાર્થીઓને સરળ શિક્ષણ આપવા શિક્ષકોની તાલીમ

### વિદ્યાર્થીઓની વિષય પ્રત્યે રસ રૂચિ વધે તે માટે જિલ્લાના ૨૫૦ શિક્ષકોને તાલીમ અપાશે

ગાંધીનગર, તા. ૬

ગણિત અને વિજ્ઞાનની શિક્ષણ પધ્ધતિ વધુ સરળ અને રોચક બને તે માટે શિક્ષણ વિભાગ દ્વારા આગામી તા ૨૦ થી ૩૦ એપ્રિલ દરમિયાન જિલ્લાના ૨૫૦ જેટલા શિક્ષકોને તાલીમ આપવામાં આવશે. વિષયને અનુલક્ષી શિક્ષકની સજ્જતા વધે તેવા આશયથી વલાદની આધારશીલા શાળા ખાતે આ ખાસ તાલીમનુ આયોજન કરવામાં આવ્યુ છે.

વિદ્યાર્થીઓ સામાન્ય રીતે ગણિત અને વિજ્ઞાનના વિષયથી દુર ભાગતા હોય છે.ત્યારે તેમને આ વિષયોના શિક્ષણને વધુ રોચક અને સરળ બનાવવા માટે શિક્ષણ વિભાગ દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર રાજયમાં આ માટે વિશેષ તાલીમ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે ગાંધીનગર જિલ્લાના શિક્ષકો માટે પણ તાલીમ યોજવામાં આવશે. જિલ્લા શિક્ષણ તંત્રના સુત્રોમાંથી મળતી માહીતી મુજબ વિદ્યાર્થીઓને આ વિષયોમાં રૂચિ કેળવાય તે માટે ગાંધીનગર જિલ્લામાં પણ વિશેષ તાલીમનો કાર્યક્રમ યોજવામાં આવશે. આગામી તા ૨૦ થી ૩૦ એપ્રિલ દરમિયાન યોજાનારી આ તાલીમ દરમિયાન રાજય કક્ષાના શિક્ષકવિદો પાસેથી તાલીમ મેળવ્યા બાદ નિષ્ણાંતો દ્વારા શિક્ષકોને તાલીમ આપવામાં આવશે. જેમાં જિલ્લામાંથી ૨૫૦ જેટલા શિક્ષકો જોડાશે. ગણિત વિજ્ઞાનના આ શિક્ષકોને વિદ્યાર્થીઓનો આ વિષયમાં રસ વધે તે માટે તાલીમ અપાશે. નિષ્ણાંતો દ્વારા વિષયનુ શિક્ષણ વિદ્યાર્થીઓ માટે કઈ રીતે સરળ બને તે માટે શિક્ષકોને સજ્જ કરવા તાલીમ અપાશે. વિષયના શિક્ષણમાં ગુણવત્તાનુ પ્રમાણ વધે તેવા આશયથી આ દસ દિવસીય તાલીમનુ આયોજન કરવામાં આવ્યુ છે.



અમદાવાદ પૂર્વના સાંસદ અને અભિનેતા પરેશ રાવલ જાખોરા ગામે રસ્તાના ખાતમુર્હતના પ્રસંગે હાજર રહ્યા હતા. ત્યારબાદ રાજપુર ગામમાં ટાંકીના કામનું નિરિક્ષણ કર્યા બાદ પ્રાથમિક શાળાના કુદરતી પ્રાંગણમાં ગામના વિકાસકામોની ચર્ચા વિચારણા કરી હતી. આ ઉપરાંત વેસ્ટ મેનેજમેન્ટ ગામ-માપન જેવા મુદ્દા પર એજન્સીઓ સાથે પણ ચર્ચા વિચારણા કરી હતી. આ પ્રસંગે બાંધકામ વિભાગના અધિકારી સોનલબેન હાજર રહ્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## આજે કલોલ-માણસામાં લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાશે

### કલોલમાં કોંગ્રેસ વિરોધ કરે તેવા નિર્દેશ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના કલોલ અને માણસા તાલુકામાં આજે લોકસંવાદ સેતુના કાર્યક્રમો યોજાશે. રાજ્યમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાનાર આ લોકસંવાદ સેતુના કાર્યક્રમ અંગે તંત્રએ તેની તૈયારીઓ પુરી કરી દીધી છે.

લોકસંવાદ સેતુના અગાઉ ગાંધીનગર અને દહેગામના કાર્યક્રમ દરમ્યાન ૧૫૦થી વધુ પ્રશ્નો રજુ થયા હતા. આ વેળાએ પણ ૭૦થી વધુ પ્રશ્નો રજુ થશે તેમ મનાઈ રહ્યું છે. જો કે સૌથી વધુ પ્રશ્નો કલોલમાં રજુ થનાર હોવાનું જાણવા મળેલ છે.

લોક સંવાદ સેતુના કાર્યક્રમમાં કોંગીના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોર વિરોધ કરે તેવી શક્યતાઓ જણાઈ રહી હોવાથી તંત્રએ પ્રશ્નો પર પુરતુ ધ્યાન કેન્દ્રીત કરી ધારાસભ્યને કોઈ તક પ્રાપ્ત ના થાય તેની કાળજી લીધી હોવાની ચર્ચા કર્મચારી આલમમાં થતી સાંભળવા મળી હતી.

લોકસંવાદમાં લોકો તેમના પ્રશ્નો રજુ કરી અને સ્થળ પર જ તેનો ઉકેલ આવે તે માટે મંત્રીશ્રી દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

કલોલમાં પ્રશ્નોની સંખ્યા પણ વધુ હોવાનું જાણવા મળેલ છે. માણસામાં પણ કોંગ્રેસ પક્ષ દ્વારા વિરોધ થાય તેવી શક્યતા નિર્દેશ મળી રહ્યા છે. આ કાર્યક્રમમાં જિલ્લાના તમામ અધિકારીઓ હાજર રહેતા હોય છે. સૌથી વધુ પ્રશ્નો પંચાયત, માર્ગ-મકાન અને એસ.ટી., આરોગ્ય તેમજ નગરપાલિકાને લગતા હોવાનું જાણવા મળેલ છે.

## ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીનો દ્વિતીય પદવીદાન સમારોહ ૯મી એપ્રિલે યોજાશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીનો દ્વિતીય પદવીદાન સમારોહ આગામી તા. ૯મી એપ્રિલ, ૨૦૧૬ને શનિવારના રોજ જી.એફ.એસ.યુ. કેમ્પસ, સેક્ટર-૯, ગાંધીનગર ખાતે યોજાશે, તેમ યુનિવર્સિટીના રજીસ્ટ્રારની યાદીમાં જણાવાયું છે. ૯મી એપ્રિલ, શનિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે યોજાનાર આ સમારોહ યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર અરૂણ તિવારીના મુખ્ય મહેમાન પદે યોજાશે. આ સમારોહમાં યુનિવર્સિટીના ડિગ્રી/ડિપ્લોમાં પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ડિગ્રી તથા સ્કોલર વિદ્યાર્થીઓને મેડલ એનાયત કરાશે.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા "પ્રધાનમંત્રી પાક વીમા યોજના" અંતર્ગત ખેડૂત જાગૃતતા કારેયક્રમ

ગાંધીનગર, તા. ૬

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે પ્રધાનમંત્રી પાક વીમા યોજના અંતર્ગત એક ખેડૂત જાગૃતતા કાર્યક્રમ યોજાયેલ



જેમાં આપણા દેશના વડાપ્રધાન દ્વારા હાલમાં જ જાહેર કરવામાં આવેલ પ્રધાનમંત્રી પાક વીમા યોજના વિશે જીલ્લાના ખેડૂતોને માહિતગાર કરવામાં આવેલ. આ યોજનામાં ઘણા બધા નવા સુધારા વધારા કરવામાં આવ્યા છે અને ખેડૂતોને ઓછા પ્રીમીયમ દરોમાં વધુમાં વધુ ફાયદાઓ આ યોજનામાં મળશે તેમજ આ યોજના ભૂતકાળની કોઈપણ યોજના કરતા આવકારદાયક અને ખેડૂતો માટે આશીર્વાદરૂપ બની રહશે એવી ખાત્રી કાર્યક્રમના અધ્યક્ષ અને જીલ્લાના ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ દ્વારા પોતાના ઉદ્દબોધનમાં આપવામાં આવ્યું હતું.

કુદરતી આફતો દ્વારા ખેડૂતને થતા આર્થિક નુકશાનની સામે યોગ્ય વળતર મળી રહે તે માટે જીલ્લાના વધુમાં વધુ ખેડૂતોએ આ યોજનાનો લાભ લેવો જોઈએ તેમ એ.પી.એમ.સી. ના ચેરમેન શ્રી રસિકભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવેલ. આ યોજનામાં ખેડૂતોએ ખરીફ પાકો માટે વીમા રકમના ૨% પ્રિમીયમ, રવિ પાકો માટે ૧.૫% અને બાગાયતી/બહુવર્ષાયી પાકો માટે ૫% પ્રિમીયમ દર ચૂકવવાના થશે જે જૂની પાક વીમા યોજનાની સરખામણીમાં ખૂબજ ઓછા છે.આ યોજનામાં જો ખેડૂતને કૂદરતી આફતો દ્વારા વ્યક્તિગત રીતે ખેતી પાકોમાં આર્થિક નુકશાન થાય તો તેમને જે તે વીમા કંપનીઓ દ્વારા તાત્કાલિક ધોરણે યોગ્ય વળતર ચુકવવામાં આવશે એમ એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપનીના અધિકારી શેફાલીબેન વૈધે જણાવ્યું હતુ.

આ કાર્યક્રમ અંતર્ગત તકનીકી સેશન, પ્રદર્શન, ખેડૂત પ્રશ્નોતરી, લીટરેચર વિતરણ અને ફિલ્મ શો દ્વારા ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન અને માહિતી પૂરી પાડવામાં આવેલ. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના નિયામકશ્રી ડો. વી. કે. ગર્ગ અને તેમની ટીમ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ મહેમાનશ્રીઓ, અધિકારીઓ, વક્તાઓ અને જુદા જુદા ગામોમાંથી મોટી સંખ્યામાં હાજર રહેલ ખેડૂત ભાઈઓ અને બહેનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.





## ગાંધીનગર જિલ્લામા મા અન્નપૂર્ણા યોજનાનો શુભારંભ

રાજય સરકારની ગરીબો માટે અતિ મહત્વની મા અન્નપૂર્ણા યોજનાનો ગાંધીનગર જિલ્લામાં શુભારંભ કરાવતા સાંસદ પરેશ રાવલે જણાવ્યું હતું કે, રાજય સરકારે કોઈ પણ યોજનાનો સમજ્યા વગર વિરોધ કરવો જોઈએ નહિ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કિસાન પુત્રી તથા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગરીબોના દુ:ખ અને દર્દ સમજીને શૌચાલય યોજના તથા મા અન્નપૂર્ણા જેવી યોજનાઓ અમલમાં મુકી છે. પેટનો દાઝેલો અને ઘરનો હારેલો માણસ જીવનમાં કશુ જ કરી શક્તો નથી, તેવું જણાવી ગ્રામીણ ગરીબોની મહત્વાકાંક્ષી યોજનાનો લાભ સાચા લાભાર્થીઓને જ મળે તે માટે સાવચેત રહી આ યોજનાનો લાભ લેવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે મા અન્નપૂર્ણા યોજનાથી ગરીબોની આતરડી ઠારી છે, તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. ગુડાના ચેરમેન આશિષભાઈ દવેએ મા અન્નપૂર્ણા યોજનાનો શુભારંભ દીપ પ્રાગટ્ય કરીને જણાવ્યું હતું કે, ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને માતૃ વત્સલ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની આ યોજનાથી ગુજરાતના દરેક જિલ્લાના તમામ અત્યોદય પરિવારોને દર માસે ૩૫ કિલો અનાજ મળશે. ગાંધીનગર જિલ્લામાં ૧.૩૭ લાખ કુટુંબોને સાંકળી લઈ ૭.૩૫ લાખ જેટલા સભ્યોને આ યોજના હેઠળ આવરી લીધેલ છે.